રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઓ./જા.નં. : ૬૦૪/૧    તા.૧૫/૦૭/૨૦૨૬

**વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ**

**સભ્યશ્રીનું નામ:** શ્રી દિલીપભાઈ હરજીભાઈ લુણાગરીયા    વોર્ડ નં.૦૫

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. (જો હોય તો દર્શાવવો) | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૦૧ | (૧) | રાજકોટ શહેરમાં મંજુર થયેલ ટી.પી.સ્કીમો માં શહેર ઉપયોગ માટે અનામત જમીન (બગીચા-શાળા-આરોગ્ય કેન્દ્ર, કોમ્યુનીટી હોલ વગેરે) માંથી કેટલી જમીનનો વાસ્તવિક ઉપયોગ થયો છે અને બાકીની જમીનનો વિકાસ કઈ સમય મર્યાદામાં કરવામાં આવશે.<br><br>રાજકોટ શહેરના મુખ્ય રસ્તાઓના રોડ વાઈડનિંગ માટે મહાનગરપાલિકા દ્વારા ક્યાં રસ્તાઓની પસંદગી કરવામાં આવી છે છેલ્લા ૩(ત્રણ) વર્ષમાં દરેક રસ્તા માટે કામ શરૂ કરવાની સમય મર્યાદા શું છે અને હાલમાં કેટલા રસ્તાઓનું જમીન સંપાદન બાકી છે અને પૂર્ણ કરવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે. | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રી દ્વારા કુલ ૪૨ નગર રચના યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. સદરહું નગર રચના યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને જુદા-જુદા હેતુ માટેના વેસ્ટ ઝોનના ૧૦૧૬, સેન્ટ્રલ ઝોનના ૩૦૪ તથા ઇસ્ટ ઝોનના ૩૦૦ મળી કુલ ૧૬૨૦ અનામત પ્લોટ પ્રાપ્ત થયેલ છે. સદરહું પ્રાપ્ત થયેલ અનામત પ્લોટ પૈકી કુલ ૪૭૫ અનામત પ્લોટનો નગર રચના યોજનાની દરખાસ્ત મુજબના હેતુને સુસંગત ઉપયોગ કરવામાં આવેલ છે. જયારે અન્ય પ્લોટોમાં જે-તે સમયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને સુવિધા પાડવાના હેતુથી જે-તે વિભાગ દ્વારા વિકાસ કામગીરી કરવામાં આવેલ છે. તેમજ હાલની સ્થિતિએ ખુલ્લા આવેલ અનામત પ્લોટમાં ભવિષ્યમાં જે-તે વિભાગની જરૂરીયાત મુજબ વિકાસ કામગીરી હાથ ધરવામાં આવશે.<br><br>રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં "લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટ" હેઠળ કુલ ૪૪ રસ્તાઓની પસંદગી કરવામાં આવેલ છે. જે પૈકી કુલ ૧૭ રસ્તાઓમાં જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. બાકી રહેતાં ૨૭ પૈકી ૨ રસ્તાઓ અન્વયે હાલ કોર્ટ કેસ ચાલુ છે તેમજ ૧૮ રસ્તાઓમાં કપાત થતી મિલકત/જમીનમાં રીડેવલપમેન્ટ થાય ત્યારે લાઈન |

| | | | |
|---|---|---|---|
| | | | ઓફ પબ્લિક સ્ટ્રીટની કપાત છોડવાની રહેશે તેવી શેરતે લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ મંજુર થયેલ છે, જેથી સદરહુ રસ્તાઓ અન્વયેની કાર્યવાહી સંપૂર્ણ રસ્તા પર કપાતમાં આવતી તમામ મિલકત/જમીન ના રીડેવલપમેન્ટ બાદ જ હાથ ધરી શકાય. જે સિવાય અન્ય ૭ રસ્તાઓમાં જમીન સંપાદન કરવાની કાર્યવાહી પ્રગતી હેઠળ છે. “લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટ” હેઠળ પસંદગી થયેલ રસ્તાઓને પહોળા કરવા બાબતે મુખ્ય અસરકર્તા પરિબળો જેવા કે બહોળા પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા, ઉપલબ્ધ બજેટ તેમજ શહેરના નાગરિકોની જરૂરીયાત વગેરે ધ્યાને લઇને સદરહું રોડ પહોળા કરવા માટે જમીન સંપાદન કરી અસર કર્તાઓને વળતર ચૂકવવા અંગે નીતિ-વિષયક નિર્ણય લઇને કાર્યવાહી કરવાની થાય છે. વિશેષમાં આ પ્રકિયા દરમ્યાન કપાતની સામે વળતર બાબતે અસરગ્રસ્ત આસામીઓ સાથે વાટાઘાટો કરવાની હોય છે તથા તે અન્વયે આસામી દ્વારા વળતર માટે પોતાનો વિકલ્પ પસંદ કરી, અત્રે જણાવવાનો હોય છે. આમ, આ પ્રકિયા એકતરફી નહીં પણ પરસ્પરની સમજુતી અને વાટાઘાટો મુજબ કરવાની થતી હોવાને લીધે સદરહું પ્રક્રીયા ખુબ જ જટીલ અને લાંબી હોય, ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવી શક્ય નથી. આમ છતાં, સદરહું કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે અત્રેથી જરૂરિયાત મુજબ પ્રાથમિકતા આપી, કાર્યવાહી સત્વરે થાય તે મુજબ કટિબદ્ધતા દાખવવામાં આવે છે. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર

રા.મ.ન.પા./જા.નં. 633

તારીખ :૨૫/૦૭/૨૦૨૬

**વિષય : તા. ૨૦/૦૭/૨૦૨૬નાં જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજૂ કરેલ પ્રશ્નનો જવાબ**

સભ્યશ્રીનું નામ : દિલીપભાઇ હીરજીભાઇ લુણાગરીયા — વોર્ડ નં.૦૫

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન ક્રમ | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧ | (૨) | રાજકોટ મહાનગરપાલિકાની માલિકીની કુલ જમીન દુકાનો અને અન્ય મિલ્કતોની યાદી તેની હાલની સ્થિતિ શું છે? (ઉપયોગમાં/ ખાલી/ભાડે/ દબાણ હેઠળ) તથા તેમાંથી થતી વાર્ષિક આવક કેટલી? | રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ શાખા દ્વારા નીચે પ્રમાણેની મિલકતો ભાડે આપવામા આવે છે.<br>તેમા વાર્ષિક નીચે દર્શાવેલ વિગત પ્રમાણે કુલ- ૭૪૨.૭૯૮/- લાખ ભાડાની રકમ થાય છે. |

| ક્રમ નં. | મિલકતની વિગત | વાર્ષિક ભાડાની રકમ (લાખમાં) | એનેક્ષરની વિગત |
|---|---|---|---|
| ૧ | કોમ્યુનિટી હોલ (૨૨) અને ઓડીટોરીયમ/ આર્ટ ગેલેરી/ રંગ દર્શન સ્ટેજ (૫) | ૨૫૬.૦ | A |
| ૨ | રેસકોર્ષ ગ્રાઉન્ડ (૧) તથા પ્લોટ (૭) | ૨૨૧.૬૧ | B |
| ૩ | શાક માર્કેટ (૬), ખડપીઠ (૧), ફ્લાવર માર્કેટ (૧) | ૧૧૨.૨૮ | C |
| ૪ | શોપીંગ સેન્ટર (૩૦૧ દુકાનો) | ૭.૦૭ | D |
| ૫ | બેન્ક (૨) – BOB & PNB | ૫૯.૩૪ | E |
| ૬ | એ.ટી.એમ. (૧) – ICICI | ૩.૦૮ | |
| ૭ | શાળા (૭) | ૩૨.૭૫ | F |
| ૮ | ક્વાર્ટર (૮) | ૦.૦૭૮ | |
| ૯ | પેસેન્જર રીઝર્વેશન કેન્દ્ર(૧) | ૦.૦૬ | G |
| ૧૦ | ફનવર્લ્ડ(૧) | ૧૯.૯૭ | |
| ૧૧ | ફૂડ કોર્ટ (૧) | ૩૦.૫૬ | |
| | કુલ રકમ રૂ. | ૭૪૨.૭૯૮ | |

શાખા: એસ્ટેટ શાખા

શાખાધિકારીની સહી

શાખાધિકારીનુ નામ: મેહુલભાઇ ગાંધી

હોદ્દો : મેનેજર

# એનેક્ષર-A

અરવિંદભાઇ મણીયાર (કોનોટ હોલ)

સોમવાર થી શનિવાર ભાડું તથા ડિપોઝીટ (બેઠક-૫૧૯)રવિવાર ભાડું તથા ડિપોઝીટ

| સમય | શિફ્ટ | ડિપોઝીટ | ભાડું +GST | કુલ | સમય | શિફ્ટ | ડિપોઝીટ | ભાડું + રવિવાર ભાડું+GST | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 08:00AM-01:00PM | 1 | 20000 | 6000+1080 | 32080 | 08:00AM-01:00PM | 1 (રવિ) | 20000 | 6000+2000+1440 | 29440 |
| 02:00PM-07:00PM | 2 | 20000 | 8000+1440 | 29440 | 02:00PM-07:00PM | 2 (રવિ) | 20000 | 8000+2000+1800 | 31800 |
| 08:00PM-01:00AM | 3 | 20000 | 10000+1800 | 31800 | 08:00PM-01:00AM | 3 (રવિ) | 20000 | 10000+2000+2160 | 34160 |

પુ.પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ (બેઠક-૭૭૪)

સોમવાર થી શનિવાર ભાડું તથા ડિપોઝીટરવિવાર ભાડું તથા ડિપોઝીટ

| સમય | શિફ્ટ | ડિપોઝીટ | ભાડું +મે-ચાર્જ+GST | કુલ | સમય | શિફ્ટ | ડિપો ઝીટ | ભાડું + રવિવાર ભાડું +મે.ચાર્જ+GST | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 08:00AM-01:00PM | 1 | 25000 | 10000+3000 +2340 | 40340 | 08:00AM-01:00PM | 1 (રવિ) | 25000 | 10000+2000+3000+2700 | 4270C |
| 02:00PM-07:00PM | 2 | 25000 | 12000+3000+2700 | 17700 | 02:00PM-07:00PM | 2 (રવિ) | 25000 | 12000+3000+3000+3240 | 4624C |
| 08:00PM-01:00AM | 3 | 25000 | 15000+3000+3240 | 21240 | 08:00PM-01:00AM | 3 (રવિ) | 25000 | 15000+5000+3000+4140 | 5214C |

અટલબિહારી ઓડીટોરીયમ (બેઠક-૭૧૩)

સોમવાર થી શનિવાર ભાડું તથા ડિપોઝીટરવિવાર ભાડું તથા ડિપોઝીટ

| સમય | શિફ્ટ | ડિપોઝીટ | ભાડું +મે-ચાર્જ+GST | કુલ | સમય | શિફ્ટ | ડિપો ઝીટ | ભાડું + રવિવાર ભાડું +મે.ચાર્જ+GST | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 08:00AM-01:00PM | 1 | 25000 | 8000+2000 +1800 | 36800 | 08:00AM-01:00PM | 1 (રવિ) | 25000 | 8000+2000+2000+2160 | 39160 |
| 02:00PM-07:00PM | 2 | 25000 | 10000+2000+2160 | 39160 | 02:00PM-07:00PM | 2 (રવિ) | 25000 | 10000+2000+2000+2520 | 41520 |
| 08:00PM-01:00AM | 3 | 25000 | 12000+2000+2520 | 41520 | 08:00PM-01:00AM | 3 (રવિ) | 25000 | 12000+3000+2000+3060 | 45060 |

ડો.શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી (બેઠક-180)
સોમવાર થી રવિવાર ભાડું તથા ડિપોઝીટ

| સમય | વિભાગ | ડિપોઝીટ | ભાડું+GST | કુલ |
|---|---|---|---|---|
| 24:00 કલાક માટે | અ | 10000 | 7500+1350 | 18850 |
| 24:00 કલાક માટે | બ | 7500 | 5000+900 | 13400 |
| 24:00 કલાક માટે | ક | 5000 | 2500+450 | 7950 |

પુ.પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ કોન્ફરન્સ હોલ (બેઠક-180)
સોમવાર થી રવિવાર ભાડું તથા ડિપોઝીટ

| સમય | ડિપોઝીટ | ભાડું +મે-ચાર્જ+ GST | કુલ |
|---|---|---|---|
| 04:00 કલાક માટે | 10000 | 5000+1000+1080 | 17080 |

# એનેક્ષર - B

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ તથા નીચે મુજબનાં ટી.પી. પ્લોટ ભાડે આપવામાં આવે છે.

| ક્રમ નં. | ટી.પી.પ્લોટ |
|---|---|
| ૧ | નાના મવા કોર્નર, પેટ્રોલ પંપની બાજુમાં આવેલ પ્લોટ |
| ૨ | અમીન માર્ગ કોર્નર, ઝેડ-બ્લૂની સામે આવેલ પ્લોટ |
| ૩ | સાધુવાસવાણી રોડ, રાજ પેલેસની સામે આવેલ પ્લોટ |
| ૪ | સાધુવાસવાણી રોડ, શાક માર્કેટની સામે આવેલ પ્લોટ |
| ૫ | પૂ. પ્રમુખ સ્વામી ઓડીટોરીયમની બાજુમાં આવેલ પ્લોટ |
| ૬ | સુવર્ણભૂમિ કોમ્પલેક્સની બાજુમાં, સ્પીડવેલ ચોક |
| ૭ | રાજનગર મેઈન રોડ, ધરતી હોન્ડા શો-રૂમની સામે આવેલ પ્લોટ |

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્ષ ગ્રાઉન્ડ તથા શહેરમાં આવેલ ઓપન ટી.પી. પ્લોટ જુદી-જુદી પાર્ટીઓને સીઝનલ ધંધા વિગેરે વિવિધ હેતુ માટે ભાડે આપવામાં આવે છે. છેલ્લા **નાણાંકીય વર્ષ-** ૨૦૨૫-૨૬ ભાડાની આવક રકમ રૂ. ૨૨૧.૦૦ લાખમાં થયેલ છે.

## એનેક્ષર - C

| શાક માર્કેટ | | | | |
|---|---|---|---|---|
| ૧ | જ્યુબેલી શાક માર્કેટ | નાગરીક બેંકની બાજુમાં | ૨૭૯ | જુદા-જુદા આસામીઓને શાકભાજી તથા ફળોના વેંચાણ હેતુઓથી ભાડેથી આપવામાં આવેલ છે.શાક માર્કેટના થડાઓનુ માસીક ભાડુ રૂ.૧૧૮૦/- વસુલવામાં આવેછે |
| ૨ | ગોવિંદ બાગ શાક માર્કેટ | પેડક રોડ | ૮૮ | |
| ૩ | ભોજાભગત શાક માર્કેટ | કોઠારીયા રોડ | ૧૭૨ | |
| ૪ | લાખાજીરાજ શાક માર્કેટ | ધરમેન્દ્ર રોડ | ૨૦૮ | |
| ૫ | હુડકો શાક માર્કેટ | કોઠારીયા રોડ | ૨૨૧ | |
| ૬ | ગુંદાવાડી શાક માર્કેટ | ગુંદાવાડી | ૩૮ | |
| ૭ | લીલી/ સુકી ખડ પીઠ | આજીનદી કાઠે | ૧૦૪ | જુદા-જુદા આસામીઓને લીલા/સુકા ખડના વેચાણ હેતુઓથી ભાડેથી આપવામાં આવેલ છે. |
| ૮ | ફ્લાવર માર્કેટ | રામનાથપરા સમ્શાન સામે | ૮૩ | જુદા-જુદા આસામીઓને ફુલોના વેચાણ હેતુઓથી ભાડેથી આપવામાં આવેલ છે. |

# એનેક્ષર - D

| ભાડેથી આપેલ શોપીંગ સેન્ટર | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ડો.આંબેડકર ભવન શોપીંગ સેન્ટર | R.M.C. બિલ્ડીંગ ઢેબર રોડ | ૨૧ | જુદા-જુદા આસામીઓને ધંધાકીય હેતુઓથી ભાડેથી આપવામાં આવેલ છે. ભાડેથી આપેલ શોપીંગ સેન્ટરોની દુકાનોના ભાડા રૂ.૩૧/- થી શરૂ થઇ રૂ.૧૫૦૧/- સુધી છે. |
| ૨ | ૭ | એનેક્સી બિલ્ડીંગ શોપીંગ સેન્ટર | ડો.આંબેડકર ભવન સામે R.M.C. ચોક | ૧૩ | |
| ૩ | ૭ | સુગર હાઉસ પાસેનું શોપીંગ સેન્ટર | ત્રિકોણબાગ પાસે | ૮ | |
| ૪ | ૭ | G.E.B. પાસે આવેલ શોપીંગ સેન્ટર | ઢેબર રોડ | ૧૭ | |
| ૫ | ૭ | શ્રી ગુમાનસિંહજી શોપીંગ સેન્ટર | જ્યુબેલી શાકમાર્કેટ સામે | ૮૯ | |
| ૬ | ૭ | ભુતખાના ચોકમાં મેસોનિક હોલ સામે આવેલ શોપીંગ સેન્ટર | ભુતખાના ચોકમાં મેસોનિક હોલ સામે | ૯ | |
| ૭ | ૧૪ | કેનાલ રોડ ધન્વતરી મંદિર સામે આવેલ શોપીંગ સેન્ટર | કેનાલ રોડ ધન્વતરી મંદિર સામે | ૧૨ | |
| ૮ | ૭ | ગેસ્ફોર્ડ સિનેમા સામે આવેલ શોપીંગ સેન્ટર | ડો.યાજ્ઞિક રોડ | ૬ | |
| ૯ | ૩ | મહાત્મા ગાંધી શોપીંગ સેન્ટર | મહાત્મા ગાંધી રોડ જ્યુબેલી પાસે | ૪૮ | |
| ૧૦ | ૩ | ગેલેક્સી સિનેમા સામે આવેલ શોપીંગ સેન્ટર | રેસકોર્સ રીંગ રોડ | ૧૩ | |
| ૧૧ | ૩ | ડાક બંગલાવાળું શોપેંગ સેન્ટર | જંકશન સ્ટેશન રોડ | ૧૨ | |
| ૧૨ | ૭ | શ્રી હરીસિંહજી શોપીંગ સેન્ટર | સદર પોલીસ ચોકી સામે સદર બજાર | ૭ | |
| ૧૩ | ૩ | કેશરી હિન્દ શોપીંગ સેન્ટર (વિભાગ-B & વિભાગ-C) | જ્યુબેલી ગાર્ડન પાસે | ૪૮ | |
| ૧૪ | ૭ | મીટ માર્કેટ(૧૩) | સદર બજાર | ૧૩ | |
| ૧૫ | ૭ | કમલા નેહરૂ શોપીંગ સેન્ટર(૪૫) | કોઠારીયા નાકા | ૪૫ | |
| ૧૬ | ૧૭ | કોઠારીયા હુડકો(૬) | કોઠારીયા રોડ | ૬ | |

## હરરાજીથી વેચાણ કરવાની દુકાનોની વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭ | ૩ | છત્રપતિ શિવાજી ટાઉનશીપ(૨) | રેલનગર | ૨ | હરરાજીથી વેચાણ માટે |
| ૧૮ | ૩ | હેડગેવાર ટાઉનશીપ(૧) | રેલનગર | ૧ | |
| ૧૯ | ૧૬ | કવિ કલાપી ટાઉનશીપ(૯) | રાધાકૃષ્ણ સોસાયટી પાસે. પારડી રોડ | ૯ | આ ત્રણ શોપીંગ સેન્ટર હરરાજીથી વેચાણ કરવા માટે ૨(બે) વખત પ્રયત્નો કરેલ છે. |
| ૨૦ | ૧ | શહીદ સુખદેવસિંહ ટાઉનશીપ(૩) | શિતલપાર્ક પાસે | ૩ | |
| ૨૧ | ૧૧ | સિતાજી ટાઉનશીપ(૧૯) | સ્પીડ્વેલ પાર્ટી પ્લોટ પાસે | ૧૯ | |
| ૨૨ | ૧૧ | વીર સાવરકર ટાઉનશીપ(૨૯) | મોટા મવા | ૨૯ | હરરાજીથી વેચાણ માટે |
| ૨૩ | ૧૬ | પૂ. રણછોડ્દાસ બાપુ શો. સે.(૪૦) | આનંદનગર | ૪૦ | |
| ૨૪ | ૬ | રાજીવ આવસ યોજના શોપીંગ સેન્ટર(૧) | સંત કબીર રોડ | ૧ | |
| ૨૫ | ૨ | ગુરૂ ગોવિંદસિંહ શો.સે.(૧૦) | રૈયા રોડ | ૧૦ | |
| ૨૬ | ૩ | જ્યુબેલી શો. સે.(૫) | જ્યુબેલી બાગ પાસે | ૫ | |
| ૨૭ | ૧૨ | લક્ષ્મણરાય ઈનામદાર વકીલ સાહેબ ટાઉનશીપ(૫૭) | વાવડી | ૫૭ | |
| ૨૮ | ૧૨ | મનસુખભાઇ છાપીયા ટાઉનશીપ(૪૨) | વાવડી | ૪૨ | |
| ૨૯ | ૧૧ | લાલુભાઇ પારેખ ટાઉનશીપ(૧૦) | મવડી | ૧૦ | |
| ૩૦ | ૩ | સંત કવરરામ શો.સે.(૨) | જંકશન પ્લોટ, ગાયકવાડી | ૨ | |
| ૩૧ | ૧૭ | વીર ભગતસિંહ શો.સે.(૧) | કોઠારીયા રોડ | ૧ | |

# એનેક્ષર - E

| બેંક | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૭ | નાગરીક સહકારી બેંકની બાજુનો પાર્કિંગ સ્પેસ | મોચી બજાર મેઈન રોડ | ૧ | નાગરીક સહકારી બેંક ને ભાડે ૧૯૯૯ થી (૯૯ વર્ષના લીઝ પર) |
| ૨ | ૭ | એનેક્સી બિલ્ડીંગ | ઢેબર રોડ | ૧ | બેંક ઓફ બરોડા(ભાડે ૧૯૭૯ થી) માસિક ભાડુ રૂ.૨,૬૨,૧૨૨/- |
| ૩ | ૮ | નાના મવા મલ્ટી એક્ટીવીટી સેન્ટર | નાના મવા સર્કલ | ૧ | પંજાબ નેશનલ બેંક(ભાડે ૨૦૧૬ થી) માસિક ભાડુ રૂ.૨,૩૨,૪૪૮/- |
| **ATM** | | | | | |
| ૪ | ૭ | RMC બિલ્ડીંગ | સેન્ટ્રલ ઝોન RMC બિલ્ડીંગ | ૧ | આઈ.સી.આઈ.સી.આઈ.ATM (ભાડે ૨૦૧૯ થી) માસિક ભાડુ રૂ.૨૫૭૦૦/- |

# એનેક્ષર - F

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | શાળા | | | |
| ૧ | ૧૭ | વિર સાવરકર સ્કુલ | આનંદનગર કોલોની, કોઠારીયા રોડ | ૧ | શાળા(ભાડે) |
| ૨ | ૩ | એક્નાથ રાનડે સ્કુલ | જંક્શન મેઈન રોડ | ૧ | શાળા(ભાડે) |
| ૩ | ૭ | મહારાણી લક્ષ્મીબાઈ વિધ્યાલય | ટાગોર રોડ | ૧ | શાળા(ભાડે) |
| ૪ | ૧૪ | શેઠ હાઈસ્કુલ | ૮૦ ફુટ રોડ | ૧ | શાળા(ભાડે) |
| ૫ | ૫ | રણછોડનગર ૧૦ RMC સ્કુલ | કુવાડવા રોડ | ૧ | સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ(ભાડે) |
| ૬ | ૧૫ | નવા થોરાળા બાલ મંદિર વાળું બિલ્ડીંગ | નવા થોરાળા | ૧ | સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ(ભાડે) |
| ૭ | ૧૬ | દિપ્તીનગર કોઠારીયા રોડ પર આવેલ RMC બિલ્ડીંગ | કોઠારીયા રોડ | ૧ | સુંદરમ એજ્યુકેશન ટ્રસ્ટ (ભાડે) |
| | | RMC સ્ટાફ ક્વાર્ટર | | | |
| ૮ | ૬ | બેડીનાકા ખાતે | બેડીનાકા | ૧ | RMC કર્મચારીઓનાં રેહણાંક માટે |
| ૯ | ૩ | એક્નાથ રાનડે સ્કુલ ખાતે | જંક્શન મેઈન રોડ | ૧ | |
| ૧૦ | ૭ | રામનાથપરા-૧૪ બાલમંદિર ખાતે(૧) | રામનાથપરા | ૧ | |
| ૧૧ | ૨ | નરસિંહ મહેતા ઉધ્યાન(૧) | એરર્પોટ રોડ | ૧ | |
| ૧૨ | ૭ | મ્યુ. કમિશનર નિવાસ સ્થાન (૧) | રામકૃષ્ણનગર મેઈન રોડ | ૧ | |
| ૧૩ | ૧૦ | નાયબ કમિશનર નિવાસ સ્થાન (૧) | ફાયર સ્ટેશન પાસે | ૧ | |
| ૧૪ | ૭ | પી.ટી.સી. ક્વાર્ટર | ભક્તિનગર સ્ટે. પ્લોટ | ૨ | |

# એનેક્ષર - G

| ફૂડકોર્ટ | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ફૂડકોર્ટ | અમિન માર્ગ | ૧ | રૈયારાજ ખમણ |
| ૨ | ૧૦ | ફૂડકોર્ટ | પુષ્કરધામ મેઈન રોડ | ૧ | ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ફનવર્લ્ડ | | | | | |
| ૩ | ૩ | ફનવર્લ્ડ | રેસકોર્ષ રોડ | ૧ | ફનવર્લ્ડ & ટુરીઝમ ડેવેલપ્મેન્ટ લિ. (ભાડે ૧૯૯૦ થી) વાર્ષિક ભાડુ રૂ.૧૯,૯૭,૧૮૧/- |
| પેસેંજર રીઝર્વેશન કેન્દ્ર | | | | | |
| ૪ | ૮ | પેસેન્જર રીઝર્વેશન કેન્દ્ર | ઈન્દીરા સર્કલ પાસે | ૧ | પશ્ચિમ રેલવે(ભાડે ૨૦૧૨ થી) માસિક ભાડુ રૂ.૫૦૦/- |

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઓ./જા.નં. : ૬૦૪/૨ તા.૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ: શ્રી દિલીપભાઈ હરજીભાઈ લુણાગરીયા વોર્ડ નં.૦૫

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧ | (૨) | રાજકોટ મહાનગરપાલિકાની માલિકીની કુલ જમીન દુકાનો અને અન્ય મિલ્કતોની યાદી તેની હાલની સ્થિતિ શું છે, (ઉપયોગમાં ખાલી ભાડે-દબાણ હેઠળ) તથા તેમાંથી થતી વાર્ષિક આવક કેટલી.<br>રાજકોટ મહાનગરપાલિકામાં પ્રાઈવેટ માલિકીની તમામ જમીન દુકાનો કોમર્શીયલ કોમ્પલેક્ષ અને પાર્કિંગ જગ્યાઓમાંથી કેટલી જગ્યાઓ પર ગેરકાયદેસર દબાણ છે ઝોનવાર અને મિલ્કતવાર તેની યાદી શું છે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા દબાણ દુર કરવામાં આવ્યા અને હાલમાં બાકી દબાણો દુર કરવા માટે શું કાર્યવાહી કરવામાં આવશે. | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજના અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને જુદા-જુદા હેતુ માટેના વેસ્ટ ઝોનના ૧૦૧૬, સેન્ટ્રલ ઝોનના ૩૦૪ તથા ઇસ્ટ ઝોનના ૩૦૦ મળી કુલ ૧૬૨૦ અનામત પ્લોટ પ્રાપ્ત થયેલ છે. સદરહું પ્રાપ્ત થયેલ અનામત પ્લોટ પૈકી કુલ ૭૦૮ પ્લોટનો નિકાલ/વિકાસ થયેલ છે, ૩૬૮ પ્લોટ દબાણગ્રસ્ત છે તથા ૫૪૪ પ્લોટ હાલ ખુલ્લા છે.<br>રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ખાનગી માલિકીની જમીન ઉપર થતાં ગેરકાયદેસર બાંધકામો વિરુધ્ધ અત્રેથી કરવામાં આવેલ કાર્યવાહી મુજબ પશ્ચિમ ઝોનમાં કુલ ૪૧૩ મિલ્કતો, સેન્ટ્રલ ઝોનમાં કુલ ૫૧૩ મિલ્કતો તથા પુર્વ ઝોનમાં કુલ ૧૬૭૮ મિલ્કતો મળીને કુલ ૨૬૦૪ મિલ્કતોનો સમાવેશ થાય છે. જે પૈકી પશ્ચિમ ઝોનમાં કુલ ૩૮ મિલ્કતો, સેન્ટ્રલ ઝોનમાં કુલ ૧૫ મિલ્કતો તથા પુર્વ ઝોનમાં કુલ ૧૦૦૩ મિલ્કતો મળીને કુલ ૧૦૫૬ મિલ્કતોના દબાણો દુર કરવામાં આવેલ છે. વિશેષમાં ધ્યાને મુકવાનું કે, ગેરકાયદેસર દબાણ/બાંધકામ સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવા માટે સૌપ્રથમ ટી.પી. રોડ તથા રીઝર્વેશનમાં થયેલ દબાણને પ્રાથમિકતા આપવામાં આવે છે અને ત્યારબાદ ખાનગી મિલકતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તેમ છતાં, બાકી રહેલ ખાનગી મિલ્કતોના દબાણો દુર કરવાની નિયમોનુસારની કાર્યવાહી તબક્કાવાર હાથ ધરવામાં આવશે. પરંતુ ખાનગી મિલકતમાં ગેરકાયદેસર બાંધકામ થવા અને તે દુર કરવા એક અવિરત અને સતત પ્રકિયા છે, જે ધ્યાને લેવા વિનંતી છે. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર